MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 ● અંક : 37 ● સળંગ અંક : 473 ● મુંબઈ ● શુક્રવાર ● તા.11 ઓક્ટોબર – 17 ઓક્ટોબર 2019 ● પાના : 16 ● કિંમત રૂ.4






# પરાગ શાહના રંગમાં રંગાયુ ઘાટકોપર

**જતીન કોઠારી**

ગત ગુરુવાર તા.૩ ઓક્ટોબરના સતત ઉત્સુક્તાઓ વચ્ચે વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ભાજપાથી ઘાટકોપર (ઈસ્ટ) માં કોને ઉમેદવારી મળશે તે અંગે સમાચાર પ્રકાશિત કર્યાના બીજા દિવસે શુક્રવારે સવારે પરાગ શાહનું નામ ઘાટકોપર(ઈસ્ટ) બેઠક માટે જાહેર થતા સંપૂર્ણ ઘાટકોપરમાં એક તરફ આનંદનો માહોલ તો બીજી તરફ પ્રકાશ મહેતાના સમર્થકોમાં નારાજગી જોવા મળી હતી.

ગુરુવાર થી ગુરુવાર સંપૂર્ણ અઠવાડિયુ ખુબ નાટયાત્મક રહ્યું હતું. શુક્રવાર તા.૪ ઓક્ટો.ના નારાજ સમર્થકોએ પરાગ શાહના ગાડી પર હુમલો કર્યા બાદ, ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી સાંસદ મનોજ કોટક, રામ કદમ, પ્રવિણ છેડા અને બિંદુ મહેતાના સાથે જઈ તેમણે ફોર્મ ભર્યું હતું અને ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો.

ચર્ચાનો માહોલ એ હતો કે પ્રકાશભાઈ મહેતા જેમને પરાગભાઈ પોતાના રાજકીય ગુરુ ગણાવે છે તેઓ પ્રચારમાં ન જોડાય તો શું થશે પણ અત્યંત નાટયાત્મક રહેલ સંપૂર્ણ અઠવાડિયુ વિતતા સંપૂર્ણ ઘાટકોપર(ઈસ્ટ) પરાગમય બની ગયું હતું. વોઈસ ઓફ ઘાટકોપરના આજના અંકમાં પરાગ શાહના આ અઠવાડિયા દરમ્યાન મુખ્ય આયોજનોની તસવીરી ઝલક પ્રકાશિત કરી રહ્યું છે. ઘાટકોપર(ઈસ્ટ)માં ભાજપ ખુબ મજબુતાઈ પૂર્વક ઉતર્યું હોવાથી સામે પક્ષે કોણ ઉમેદવાર છે તે પણ લોકોને ખ્યાલ નથી. વોઈસ ઓફ ઘાટકોપર – ઘાટકોપર(ઈસ્ટ) તથા ઘાટકોપર(વેસ્ટ)થી ક્યા ઉમેદવારો લડી રહ્યા છે તેની માહિતી અંદરના પાનામાં પ્રકાશિત કરી છે.






Avail Special Diwali Offer

The Byke
A HOTEL RETREAT
EAT GREEN • STAY EVERGREEN

PURE VEG.




This DIWALI HOLIDAYS,
Visit & plan
your stay with us.




E-mail : reservations@thebyke.com
Website : www.thebyke.com

For Reservations & Details,
Call : +91 8080700999 / +91 22 67079666

T&C APPLY

Our Hotels :
Matheran | Shimla | Jaipur | Bengaluru | Kochi | Junagadh | Goa | Manali | Udaipur | Thane | Kovalam | Borivali

|| જય ભવાની || || શ્રી ગણેશાય નમઃ || || જય અંબે ||

# સ્વર્ણ મહોત્સવ વર્ષ



જય અંબેધામ

દ્વારા આયોજીત



# આમંત્રણ

## શ્રી ધજા મહોત્સવ

## શ્રી ભૈરવનાથદાદાનો પાટોત્સવ : યજ્ઞ

**સંવત ૨૦૭૫ આસો સુદ પૂનમ (૧૫)ને રવિવાર તા. ૧૩/૧૦/૨૦૧૯**

શરદ પૂર્ણિમા નીમિત્તે નવચંડી યજ્ઞનો સમય :
સવારે ૮:૧૫ થી ૧૧:૦૦ કલાકે (માતાજીના મંદિરમા)

**ભવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે ધજાજી લાવવાનાં રહેશે**

બપોરે ૩.૧૫ કલાકે
**સ્વ. શ્રી જશવંતરાય આર. મહેતા**
એ/૧૦૮૨, ફ્લોવર રીજેન્સી, ૮મો માળો, રામજી આસર સ્કુલની બાજુમા,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

સાંજે ૫.૦૦ કલાકે
**સ્વ. શ્રી જયંતિલાલ ગંભીરદાસ પારેખ**
પરિવાર ના નિવાસ્થાનેથી - ૧, 'ચિત્રકૂટ', આર.બી.મહેતા માર્ગ,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

પધરામણી કરીને વાજતે ગાજતે ધજાજી **'શ્રી જય અંબેધામ'** મંદિર, ૬૦ ફૂટ રોડ, પહોંચશે....

**અંબેમાતાજીની આરતીનો સમય સાંજે ૬.૧૫ કલાકે**

**: શુભ સ્થળ :**

જય અંબેધામ, અંબિકા ભુવન, પ્લોટ નં. ૧૮૯, ૬૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

**સંતવાણી તથા ભવ્ય લોક ડાયરો**

ગાયકો : ચેતન ગઢવી, ઉદય ગઢવી, રૂચી ભાનુશાલી - સંચાલન : પંકજ દવે

સંગીત સંચાલક : વિક્રમ નિઝામા અને વિક્કી પૂરોહિત

**卐 મહાપ્રસાદ 卐**

**મહાપ્રસાદ માતાજી ના ભક્ત તરફથી**

રવિવાર, તા.૧૩/૧૦/૨૦૧૯ - સાંજે ૭.૦૦ થી ૯.૩૦ કલાકે

**સ્થળ : ગુરૂકુલ સ્કુલ, તિલક રોડ, ઘાટકોપર (પૂ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.**

*માતાજીનો પ્રસાદ લેવા આપ સર્વ ભક્તોને ભાવભર્યું આમંત્રણ...*

**આયોજક : દિનેશભાઈ સી. ભટ્ટ**

# લાયન્સ ક્લબ ઓફ શેરવુડ - ઘાટકોપર દ્વારા પિક્સેલ ચેલેન્જ ૨૦૧૯નું આયોજન







લાયન્સ ક્લબ ઓફ શેરવુડ - ઘાટકોપર દ્વારા ૧૧૫ સ્કુલના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણને લગતા તથા મહાત્મા ગાંધીજીના જન્મદિવસ સંબંધી ત્રણ મોજેક જે ૨૨૨૫ રુબીક ક્યુબ્સના બનાવવામાં આવ્યા હતા. આ ઉજવણી ગાંધી જયંતિના ગારોડિયા નગર ખાતે આવેલ લાયન્સ કોમ્યુનિટી હોલમાં કરવામાં આવી હતી. પિક્સેલ ચેલેન્જ ૨૦૧૯ - આ નામ આ આયોજનને આયોજકો દ્વારા આપવામાં આવ્યું હતું જેમાં ૪ થી ૧૫ વર્ષના બાળકો સહભાગી થયા હતા - માહિતી પુનમ શેઠ

# શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન મહિલા મંડળ ઘાટકોપર દ્વારા જોલી જીમખાના ખાતે નવરાત્રીનું આયોજન






શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન મહિલા મંડળ ઘાટકોપર દ્વારા જોલી જીમખાના ખાતે નવરાત્રીનું આયોજન તા.૨૭ સપ્ટે.ના કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી કાઠિયાવાડ સ્થા. જૈન સમાજ યુવા ગ્રુપના સભ્યો પણ જોડાયા હતા. મેમ્બરો માટે યોજાયેલ આ કાર્યક્રમમાં દાંડિયા કિંગ નૈતિક નાગડા વિશેષ રીતે ઉપસ્થિત રહેલ.





## બહેનશ્રીના વચનામૃત - સંકલન વિજય બોટાદરા




ત્રણ લોકને જાણનારું તારું તત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો? આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે. આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દ્રષ્ટા અમે અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે? બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે? જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રૂચિ નથી. અંદરની રૂચિ વિના અંદરમાં જવાતું નથી. સુખ પ્રગટતું નથી.

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168
Haresh Creation
Ladies Dressmakers
Believe in Creativity
हरेश क्रिएशन लेडीज़् ड्रेसमेकर्स
Shop No. 3, Krishna Leela , Khokhani Lane,
Ghatkopar (East), Mumbai - 400077
M: 87792 99022 (Sunday Closed)





રાજાવાડી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય દ્વારા દર્શન યાત્રા - મીરા રોડ, બોરીવલી, મલાડ, ચારકોપ, અંધેરી ખાતે તા.૨૮ સપ્ટે.ના આયોજન કરવામાં આવ્યું હતું.

# જાણીલો કોણ છે ઘાટકોપર(ઈસ્ટ) વિધાનસભાથી ચૂંટણી લડનાર ઉમેદવારો

ઘાટકોપર (ઈસ્ટ) વિધાનસભાથી કુલ ૧૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે જેમાંથી ૮ ઉમેદવારો પાર્ટીથી અને ૩ ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ઘાટકોપર (વેસ્ટ) વિધાનસભાથી કુલ ૧૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે જેમાંથી ૬ ઉમેદવારો પાર્ટીથી અને ૭ ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ઘાટકોપર (ઈસ્ટ)માં ચૂંટણીમાં મેદાનમાં ઉતરેલ ઉમેદવારોમાં તમામ એ પોતાનું એડ્રસ નોંધાવેલ છે જેમાંથી ભાજપના પરાગ શાહ ચેમ્બુર(ઈસ્ટ) અને જન અધિકારા પાર્ટીના પ્રશાંત અહિરવાર એ મુલુંડ(વેસ્ટ)નું સરનામું આપ્યું છે. ઘાટકોપર(વેસ્ટ)માં મનસેથી લડી રહેલ ગણેશ ચુકલ પવઈ અને સુધીર જાધવ બહુજન સમાજ પાર્ટી ચેમ્બુર, નિખીલ નાર્વેકર અપક્ષ સાકીનાકાનું એડ્રસ આપેલ છે. આ ઉમેદવારો શક્યતઃ પોતે પોતાના માટે મતદાન નહીં કરી શકે. વધુ મળી રહેલ માહિતી મુજબ મહારાષ્ટ્ર વિધાનસભા ઈલેક્શન માટે ઈસ્ટની બેઠકથી કુલ ૧૫ ફોર્મ ભરાયા હતા જેમાંથી ૩ રદ્દબાદલ થયા હતા, પરાગ શાહ એ બે અરજીપત્રક ભર્યા હતા એમ કુલ ૧૫ અરજીપત્રકોમાંથી ૧૨ માન્ય કરાઈ હતી. જ્યારે વેસ્ટની બેઠકમાંથી કુલ ૨૧ ફોર્મ ભરાયા હતા જેમાંથી ૪ ફોર્મ પાછા ખેંચાયા હતા અને ૨ ફોર્મ રીજેક્ટ થયા હતા જ્યારે ૧૫ ફોર્મ માન્ય કરાયા હતા જેમાંથી ૧૩ ઉમેદવારો આખરી યાદીમાં માન્ય જાહેર થયા હતા.

## GENERAL ELECTION TO VIDHAN SABHA-2019
## LIST OF CONTESTING CANDIDATES GHATKOPAR (EAST)

| Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted | Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted |
|---|---|---|---|---|---|---|---|
|  | Adagale Vikram Popat | Bahujan Samaj Party |  Elephant |  | Prashant Ahirwar | Jan Adhikar Party |  Helicopter |
|  | Parag Shah | Bharatiya Janata Party |  Lotus |  | Vikas Damodar Pawar | Vanchit Bahujan Aaghadi |  Gas Cylinder |
|  | Manisha Sampatrao Surywanshi | Indian National Congress |  Hand |  | Avinash Raghunath Kadam | Independent |  Cup & Saucer |
|  | Satish Sitaram Pawar | Maharashtra Navnirman sena |  Railway Engine |  | Madanlal Kedarnath Gupta | Independent |  Water Melon |
|  | Comrade Kishor Kardak | Marxist Leninist Party of India (Red Flag) |  Auto Rickshaw |  | Sandeepbhai Krishna Pagare | Independent |  Whistle |
|  | Nana Sukhadev Bhise | Bahujan Mukti Party |  Coat | | | | |



**Voting Date : 21-10-2019**




**MONDAY, Time : 7 am to 6 pm**

**Your Vote Makes All The Difference...**

વોઈસ ઓફ ઘાટકોપર

# જાણીલો કોણ છે ઘાટકોપર(વેસ્ટ) વિધાનસભાથી ચૂંટણી લડનાર ઉમેદવારો

## GENERAL ELECTION TO VIDHAN SABHA-2019
## LIST OF CONTESTING CANDIDATES GHATKOPAR (WEST)

| Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted | Candidate Photo | Name Of Candidate | Party Affiliation | Symbol Alloted |
|---|---|---|---|---|---|---|---|
|  | Anand Rajyavardhan Shukla | Indian National Congress |  Hand |  | Thorat Latatai (Dwarkabai Sathe) | Independent |  Key |
|  | Ganesh Arjun Chukkal | Maharashtra Navnirman sena |  Railway Engine |  | Dilip BramdeoYadav | Independent |  Road Roller |
|  | Ram Kadam | Bharatiya Janata Party |  Lotus |  | Nikhil Narvekar | Independent |  Sewing Machine |
|  | Sudhir Bandu Jadhav | Bahujan Samaj Party |  Elephant |  | Bhhaskar Bhhartiy | Independent |  Carrom Board |
|  | Ganesh Ravsaheb Owhal | Vanchit Bahujan Aaghadi |  Gas Cylinder |  | Sanjay Bhalerao | Independent |  Whistle |
|  | Shantaram Vishnu Kamble | Peoples Party of India (Democratic) |  Black Board |  | Sandeep Prabhakar Yeole | Independent |  Coconut Farm |
|  | Chandu D. Vadar | Independent |  Tractor Chalata Kisan | | | | |



**Voting Date : 21-10-2019**

**MONDAY, Time : 7 am to 6 pm**

**Your Vote Makes All The Difference...**

વોઈસ ઓફ ઘાટકોપર

# શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની શુભેચ્છા મુલાકાતે વિધાનસભ્ય રામ કદમ







ઘાટકોપર(વે) શિવસૈનિકો અન્ય પાર્ટીને સહયોગ કરશે તેવી અટકળોનો વિધાનસભ્ય રામ કદમ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરને મળતા અંત આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે રામ કદમનો વિવિધ સ્તરે તેમના સમર્થકો વિવિધ પ્રચારો કરી રહ્યાં છે, તેમના કાર્યોની સુવાસ અનેક સ્તરે જનમાનસમાં પ્રસરી હોવાથી ફક્ત ચૂંટણી સમયે જ પ્રચાર કરવો તેવું તેઓ માનતા નથી.

# ગુરુકુળ સેન્ટર ફોર સ્પે.ચિલ્ડ્રન દ્વારા વ્હીલચેર દાંડિયા રાસ





મુંબઈ પ્રદેશ આર્ય વિદ્યા સભા ગુરુકુળ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન - ગુરુકુળ સ્કુલ ફોર સ્પેશિયલ ચિલ્ડ્રન્સ દ્વારા વ્હીલચેર દાંડિયા રાસનું આયોજન પરમકેશવ બાગ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે અર્ચના હરીયા પધારેલ. ૩૦૦થી વધુ લોકો આ વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. ઈનરવ્હીલ ક્લબ ઓફ મુંબઈન ઘાટકોપર-કિર્તી મહેતા તેમજ સભ્યો દ્વારા વિશેષ યોગદાન આપવામાં આવેલ.




# નિલકંઠ વિહાર સોસાયટી દ્વારા નવરાત્રીની ઉજવણી



નિલકંઠ વિહાર - નિલગીરી એપાર્ટમેન્ટ ના રહેવાસીઓ દ્વારા નવરાત્રી નિમિતે દર વર્ષે વિવિધ આયોજનો કરવામાં આવે છે. આઠમના દિવસે કુંવારીકાઓને સમૂહ આરતીમાં આમંત્રણ આપવામાં આવે છે. નિલગીરી સોસાયટીના સભ્યો આ વિશેષ આયોજનમાં નવરાત્રીના દરેક દિવસના કલર મુજબ કપડા પહેરી ડી. જે.ના તાલે ગરબા રમે છે. દર વર્ષની આ પરંપરામાં દરરોજ સભ્યો માટે નાસ્તાની પણ વ્યવસ્થા કરાય છે. - માહિતી સંગીતા શાહ




# દરેક બાળક સ્પેશિયલ હોય છે પણ સ્પેશિયલ બાળકોની ખુબીઓ બહાર લાવવા કાર્યરત છે અનુશ્રી વ્યાસ

ઘાટકોપરની પ્રખ્યાત ગુરુકુળ સ્કુલ ફોર સ્પે.ચિલડ્રનના પ્રિન્સિપાલ અનુશ્રી વ્યાસ, સ્પે.બાળકોની આ શાળા ખુબજ સુંદરતાથી ચલાવી રહ્યા છે તેમના વિશે અનેક વાતો જાણવા જેવી છે જે આજે મળવા જેવા માણસ કોલમ દ્વારા સૌપ્રથમ વખત પ્રકાશિત થઈ રહી છે.

મુળ હિમ્મત નગર નજીક આવેલ ટીંટોય ગામના અને મુંબઈ રહેતા હંસાબેન કનુભાઈ ભટ્ટની પુત્રી સ્કૂલીંગ કરીને નાસિક ગ્રેજ્યુએશન અને કેટરીંગ મેનેજમેન્ટ કર્યું. મલ્ટી ટેલન્ટેડ, બધી જ રીતે બધાજ કાર્યોમાં આગળ પડતો ભાગ ભજવીને આજે તે ગુરૂકુળ સેન્ટર ફોર સ્પેશ્યલ બાળકોની સ્કૂલની હેડ ઓફ ઈન્સ્ટીટ્યુટ તો છે જ સાથે અનુશ્રી વ્યાસ એ એડવાન્સડ પ્રાણિક હિલીંગનું સર્ટિફીકેટ કોર્સ પણ




કર્યો છે અને તેઓ યોગા ટીચર પણ છે. મ્યુઝિક થેરપી પણ શીખી છે. સ્પેશ્યલી બાળકો માટે ગુરૂકૂળ સેન્ટર ફોર સ્પેશ્યલ બાળકોની સ્કૂલમાં અનુશ્રી વ્યાસ પહેલા નિસ્વાર્થ ભાવે સેવા ૨૦૧૨ સુધી આપી રહ્યાં હતા. વોકેશનલ સેન્ટર આ સ્કૂલમાં આ દિવ્યાંગ બાળકો માટે બનાવ્યું. ૯૨ દિવ્યાંગ બાળકો આ શાળામાં છે. હાલના આ સ્કૂલમાં દરેક વર્ગમાં ૮ બાળકો જ છે. જેથી બધા દિવ્યાંગ બાળકો પર ધ્યાન દઈ શકાય. સ્ટાફમાં ૨૫ સભ્યો છે. ૭ પિયુનો છે. વોલીનટીયરસ પણ ઘણા છે. વોકેશનલ વિદ્યાર્થી ઓને ચોકલેટ બનાવવાની, તોરણ બનાવવા, સાબુ બનાવવા અને અલગ અલગ હસ્તકલાઓ શીખવાડાય છે. વોકેશનલ વિદ્યાર્થીઓ બધા અઢાર વર્ષથી ઉપરનાં છે જે શીખે અને કમાવે તેવા છે.



સ્કૂલની નાનામાં નાની બાબતો પર અનુશ્રી વ્યાસ ઘણુ ધ્યાન આપે છે. દરેક વર્ગમાં દીવાલો પર બહુ જ સરસ ચિત્રો દોરાયેલા છે, જેથી વિદ્યાર્થીઓને ભણવા માટે પ્રોત્સાહન મળતું રહે. સ્કૂલના મેનેજમેન્ટનો સાથ સહકાર ખૂબ જ મળી રહે છે.

તાતા મેમોરિયલ હોસ્પિટલ અને તેનાં NGO સાથે અનુશ્રી સંકળેલા છે. પ્લેટલેટ્સનું ડોનેશન કરવું જોઈએ. તે માટે બધાને તેઓ સમજાવતા રહે છે. NGJK ફાઉન્ડેશન NGO સાથે તેઓ કેન્સર માટેની જાગૃતતા



## મળવા જેવા માણસ...



– દિલાવર નાઈકવાડી
Mo.: 9322237670
લેખન – અલ્પા દિલાવર

માટે ઘણા કેમ્પો કરે છે. મુલુંડ બ્રાહ્મણ સમાજમાં તેમણે કેન્સર માટેની જાગૃતતા માટે આ કેમ્પ યોજ્યો છે. થાણાની બાજુમાં વાડા જ્યાં આદિવાસીઓ રહે છે. ત્યાં પણ કેમ્પનું આયોજન ચાલી રહ્યું છે. ખાસ કરીને Under privileged Woman માટે અનુશ્રીને DNA પેપર એ સામાજિક કાર્ય માટે ફેલોશીપ ઓફ ફિઝીકલી હેન્ડીકેપ તરફથી એવોર્ડ આપેલો છે.

મુલુંડ બ્રાહ્મણ સમાજે સ્વયંસિદ્ધા એવોર્ડથી નવાજ્યા છે. બેસ્ટ પ્રિન્સીપાલનો પણ એવોર્ડ મળેલો છે. અનુશ્રીનાં રોલ મોડલ તેમના પપ્પા કનુભાઈ અને તેમના સસરા વિનોદભાઈ વ્યાસ રહ્યાં છે. તેમના થકી અનુશ્રી તેના સામાજિક કાર્યોમાં આગળ વધી છે. અનુશ્રીનાં લાઈફ પાર્ટનર કેતન વ્યાસ એક સફળ બિઝનેસમેન છે. તેમનો દીકરો ઋષી ૧૨માં ધોરણમાં ખંડાલાની કોલેજમાં ભણે છે કેતન વ્યાસનો દરેક કાર્યમાં ખૂબ જ સાથ-સહકાર રહેલો છે. દરેક સ્પે.બાળકમાં કાંઈક ખુબી છે એ વિશે લોકોમાં જાગૃતતા




લાવવા તેઓ સતત પ્રયત્નશીલ છે તેઓ ટાટા મુંબઈ મેરેથોનમાં હાફ મેરેથોનમાં ભાગ લઈ ચુક્યા છે તેઓ ચેમ્પિયન વીથ ડીસએબિલીટી રેસમાં દિવ્યાંગ બાળકોની સાથે પાર્ટિસીપેટ કરે છે.



SCOOP GELATERIA
Pure Veg.
BUY 2 GET 1 FREE
(Single Scoop) (Nano Scoop)
* CONDITIONS APPLY
NANO SCOOP
OFFER VALID ON
* PREMIUM FLAVOUR'S ONLY
* VALID TILL 30th NOVEMBER 2019
* CONDITIONS APPLY
* OFFER NOT VALID ON HOME DELIVERY
FLAT ₹ 25/- ONLY
( Per Nano Scoop )
ALL THE DAYS
CONDITIONS APPLY
◆ PER PERSON TWO NANO SCOOPS ONLY
◆ OFFER VALID TILL STOCK LASTS
Home Delivery
60 Feet Road - Ghatkopar (E)
☎ 022-21020504

IEC | IEC | IEC
Import Export Code
FRESH/ MODIFICATION
Rs.2000 only
CONTACT
9820936980

Most Versatile Singer - Entertainer
Hiren's Harmony
Events & Entertainment
09322 600 800
www.harmonyevent.com
• Sangeet Sandhya • Mini / Mega Orchestra
• Lagna Geet • Mehendi • Raas-Garba
• Reception Instrumental / Track Show
• Birthday • Anniversary
• Baby Shower • Theme Parties
• Get-together Picnics & Parties
• Musical Housie • Karaoke • DJ • Games
• Bhajan • Stavan • Prathana • Pahedi
દરેક અવસરને અનેરો બનાવો
Just @11000/- onwards

Isha Products
Avialable on Call
9324898212
Raagi & Multigrain Cookies
Instant Dosa (Raagi, Makai, Jowar)
Muesli with fruits & Nuts
Organic Jaggery Pine sugar
Organic Coconut oil
Sanjivni - Herbal Tea
Aloe vera - Health Drink
Natural Soap - Camphor
Copper Bottles Rudraksh Mala
Different Honey & Sharbat

# વિવિધ ધર્મના ધર્મસ્થાનો, ગુરુઓના દર્શને અને લોકોની શુભેચ્છા મુલાકાત લેતા લોકપ્રિય ઉમેદવાર પરાગ શાહ











FASHION TREND™
presents
Diva-li Carnival
ફેશન ટ્રેન્ડ એક્ઝિબીશનનું 'ભવ્ય દીવાલી કાર્નિવલ' ૧૪ ઓક્ટોબર ભાટિયાવાડી, ઘાટકોપર ખાતે ૬૦ થી પણ વધારે ટ્રેન્ડી સ્ટોલ, એક્સક્લુઝિવ કલેક્શન, દિવાળી સ્પેશ્યલ સ્ટોલ, દીવા, રંગોળી, તોરણ, મુખવાસ, શરબત, હોમમેડ નાસ્તા, તેમજ બ્રાઈડલ કલેક્શન પણ!!! ફક્ત એક જ દિવસ યોજનાર એક્ઝિબિશનમાં જરૂરથી પધારશો આપ સૌને તેમજ સર્વે મહિલા મંડળોને ભાવભર્યું આમંત્રણ
સંપર્ક મનીષા એમ ભદ્રા - 9920677334 (ફાઉન્ડર ઓફ ગ્લોબલ દીવાસ)

We invite you to our exhibition with 60+ designer stalls - new Diwali collection, food, footwear, trendy bags, jewellery, heavy bridal collection, Aavaran rental jewellery and costumes
14th Oct
11 to 8 PM
Bhatiawadi, Ghatkopar East
FREE VALET AVAILABLE
Contact : Manissha M Bhadra - +91 99206 77334
Hetal A Shah - +91 98330 00409
www.fashiontrendmumbai.com / @fashiontrendsmumbai




પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

**સોલીટેર ગ્રુપ**ની શુભેચ્છા મુલાકાતે ઘાટકોપર(ઈસ્ટ) ભાજપના ઉમેદવાર પરાગ શાહ પધાર્યા હતા. પ્રમુખ પ્રવિણ છેડા સંચાલિત આ ગ્રુપના તમામ સભ્યોએ પરાગ શાહને મત આપવાની ખાતરી આપી હતી આ પ્રસંગે બે શબ્દ બોલતા પ્રવિણ છેડાએ દરેક વ્યક્તિ વધુને વધુ લોકોને મતદાન કરવા પ્રેરે તેવી વિનંતી કરી હતી.

# વિજય સંકલ્પ મેળાવામાં ભાજપાના ઉમેદવાર પરાગ શાહને જંગી બહુમતિથી જીતાડવાનો તમામ સહયોગી પક્ષોનો સંકલ્પ




ભાજપ, શિવસેના, આરપીઆઈ, રાસપા, શિવસંગ્રામ-રયતક્રાંતિ આ તમામ પક્ષોની મહાયુતિના ઉમેદવાર ભાજપાના ૧૭૦ - ઘાટકોપર(પૂર્વ) વિધાનસભા મતદાર સંઘથી ચૂંટણી લડી રહેલ પરાગ શાહને રવિવાર તા.૬ ઓક્ટોબરના ઝવેરબેન ઓડિટોરીયમ ખાતે યોજાયેલ કાર્યકર્તા મેળાવામાં ઉપસ્થિત મહાજન સહિત તમામ આગેવાનોએ જંગી બહુમતિથી પરાગ શાહને જીતાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.





આ પ્રસંગે સ્થાનિક તમામ સહયોગી પક્ષોના આગેવાનો ઉપરાંત ભાજપા ગુજરાતના આગેવાન નેતા ગોવર્ધન ઝડફીયા એ વિશેષ હાજરી આપી ચૂંટણી સમયે દ્રઢ સંકલ્પ સાથે ખભે ખભા મળાવી વધુ મજબુત બનાવી ચૂંટણી જીતો તેવા શબ્દો કહ્યાં હતાં.



## 'જ્વેલ ગેલેક્ષી' મુંબઈનું પ્રિમિયમ લોકો માટેનું પ્રિમિયમ ગ્રુપ

- જેમાં ૫૦ વર્ષની નીચેની વયના જ પરિવારજનો મેમ્બર છે.
- જેમાં ૨૦ થી વધારે ક્વોલિટી અને પ્રિમિયમ કાર્યક્રમો આપવામાં આવે છે. જેવા કે ન્યુ ઈયર સેલીબ્રેશન, કલબીંગ નાઈટ, વન-ડે પિકનિક, એક્સક્લુઝિવ ડ્રામા, પ્લે બેક સિંગર નાઈટ ગેલેક્ષી ક્રિકેટ લીગ, ફાઈવ સ્ટાર દાંડીયા, પુલ પાર્ટી, સ્ટેન્ડ-અપ કૉમેડી અને અન્ય પ્રોગ્રમો.

JEWEL GALAXY
EXPERIENCE • EXCLUSIVE • ENTERTAINMENT

- ૧૦ થી વધારે ડિનર અને બાકીના કાર્યક્રમોમાં સ્નેક્સ આપવામાં આવે છે.
- વર્ષમાં ૨ કાર્યક્રમ ફાઈવ સ્ટાર હોટેલમા આપવામાં આવે છે.
- આવા પ્રિમિયમ ગ્રુપની ૨૦૨૦ની મેમ્બશીપની શરૂઆત થઈ ગઈ છે.
- પ્રિમિયમ લોકોને આ ગ્રુપમાં જોડાવવા આમંત્રણ છે.
- મેમ્બરશીપ વહેલાં તે પહેલાંના ધોરણે ઉપલબ્ધ હશે ત્યાં સુધીજ.

**સહયોગ –** જીતેન્દ્ર એમ. મહેતા

**મેનેજીંગ કમિટી –** જીગ્નેશ ખિલાણી, નિમેશ દેઢીયા, હેમલ દોશી, પારસ કારાણી, કલ્પેશ ઠક્કર, રાજેશ જોષી, નિહારીકા શાહ, જાગૃતિ શાહ, નિલેશ નાકર, નિશાંત કારીયા, ભાવિક શાહ, હિતેન ગાલા, રશ્મી ગાલા, કેતુલ ઝાટકીયા.

અલગ પ્રોપર્ટી, શોપ નં.૨, તિલક રોડ, આશિર્વાદ હોસ્પિટલની સામે, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન - ૨૧૦૨ ૨૮૯૭ /૨૧૦૨ ૮૮૭૯ /૯૮૨૦૬ ૬૭૬૨૭.

ઈમેલ - jewelgalaxys@gmail.com

## શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તપસ્વીઓનું બહુમાન તથા વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ





શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તપસ્વીઓનું બહુમાન તથા વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ રવિવાર તા.૨૨-૯-૧૯ના રાષ્ટ્રીય શાળાના ગ્રાઉન્ડમાં ગરબા રાસની રમઝટ સાથે યોજાયેલ હતો.

પ્રમુખ સુરેશભાઈ શાહે સ્વાગત સાથે સંસ્થાની પ્રવૃત્તિનો વિશેષ અહેવાલ આપ્યો હતો. ત્યારબાદ માસખમણ સુધીના તપસ્વીઓનું ગીફ્ટ આપી બહુમાન કરાયું હતું તેમજ સારા માર્કસ સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓનું સર્ટિફીકેટ, કેશપ્રાઈઝ તથા



મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સમારંભ પ્રમુખ તથા જમણવારના દાતા રાકેશભાઈ ન્યાલચંદ ગોપાણી પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે મુંબઈ આયકેર હૉસ્પિટલના ડૉ. જતીનભાઈ આશર, નિર્મલ પેથોલોજીના શૈલીબેન પટેલ તથા મહેન્દ્ર ગાંધીનું નવકાર મંત્રની ફ્રેમ આપી સન્માન કરાયું હતું.

ગરબા-રાસની રમઝટ બા સારુ પરફોર્મ કરનારાને ગીફ્ટથી નવાજવામાં આવ્યા હતા. અંતમાં ૭૦૦થી વધુ મેમ્બરો સ્વાદિષ્ટ કમલેશ કેટરર્સનું ફાસ્ટફુડ માણી છુટ્ટા પડયા હતા.







WEDDING CARDS

CUSTOMISED
E - Wedding Card

કંકોત્રી

卐 માંગલિક વિગતો 卐

VENUE :
GEEKAY
90 Feet Road, Opp. Kailash Tower,
Ghatkopar (E), Mumbai-75.
2506 2626 • 98337 73744
Jayant Vora: 75066 25702
E-mail: info@geekaycorp.com

kankotary.com
designer indian wedding cards

DAY & TIMING :
Monday to Saturday
Morning 10.00 am to 6.30 pm
With prior appointment

❖ Specialist ❖
E - Wedding Invitation

કુમકુમ પત્રિકા • વેવીશાળ પ્રસંગ
ગરબા પાર્ટી • સંગીત સંધ્યા
મહેંદી રસમ • લગ્ન જ્યંતી
ઈન્વીટેશન માટે બેબી શાવર
અન્ય શુભ પ્રસંગો

॥ શ્રી ગણેશાય નમ: ॥ ॥ શ્રી મહાવીરાય નમ: ॥
॥ કુળદેવી માતાની કૃપા હોજો ॥

શ્રીમાન/શ્રીમતી

ઘર આંગણે લગ્નનો રૂડો અવસર હોય મનમાં અનેરો ઉમંગ હોય, પ્રસંગને ધામધૂમથી ઉજવવાના ઓરતા હોય એટલે ઘણાં બધા કામો પાર પાડવાના હોય.

આ બધા કામોમાં કુમકુમ પત્રિકાની પસંદગી તથા તેને સુઘડ રીતે છપાવી સમયસર તૈયાર કરાવવી તે પણ તેટલું જ અગત્યનું કામ હોય છે. આ માટે બે થી ચાર વખત તળ મુંબઈના ધક્કા, સમયસર કામ થાય તે માટે ફોનથી યાદી આપવી વગેરેમાં આપના કિમતી સમયનો વ્યય થાય છે.

પરંતુ હવે આવું નથી

GEEKAY રજૂ કરે છે.

ઘાટકોપરના આંગણે સુવિધાજનક
સ્થળે કુમકુમ પત્રિકાની વિશાળ શ્રેણી

આવો, અમારા આધુનિક Invitation boutique ના આરામદાયક વાતાવરણમાં વિનયી અને સેવા-તત્પર સ્ટાફ કુમકુમ પત્રિકા પસંદ કરવામાં આપને સહાય કરશે. આપ ઈચ્છો તો અમારું ડીઝાઈન સેન્ટર આપની મનપસંદ આગવી ડીઝાઈનમાં કુમકુમ પત્રિકા બનાવી આપશે.

બદલાતા સમય સાથે જ્યારે કુમકુમ પત્રિકા પણ તમારા વ્યક્તિત્વન અભિવ્યક્તિ કરે તેવી હોવી જોઈએ તો કુમકુમ પત્રિકા બનાવવાન વ્યવસ્થા પણ તેની સમકક્ષ શા માટે ન હોય !

આજે જ અમારા
Invitation boutique માં પધારીને ખાત્રી કરી લેશો.

ભવદિય
ધીરેન કોઠારી

Marriages are made in HEAVEN
& invitation cards are printed at GEEKAY

KALIKA

Shree Kalika Design Studio
" Vision That Changed Everything Creatively "




Grow your business 10X
digitally with these 3 Powers

: Services :

* Desktop Publishing
* Graphic Designing
* Data Entry
* Content Writing
* Business Explainer Video
* Barcode Generate
* Professional Resume Writing Services
* Business Presentations
* Language Translation & Localization
* Social Media Advertisements
* Social Media Promotions
* Photography/Videography
* Video Editings
* Youtube Jukebox Designing
* Website & App Development
* Printing Solutions

FREELANCERS/MARKETING CANDIDATES IN RESPECTIVE FIELDS ARE WELCOME, WHATSAPP YOUR RESUME ON +91 9821706101

W: www.kalikadesignstudio.com | E: kalika.dstudio@gmail.com

Shree Kalika Design Studio, 6B-Manmohan Bhuwan Bldg
Opp Vivekananda Soc., Near Shobha Hotel,
T.H Kataria Marg, Matunga (W), Mumbai-400016

Purvesh Jayshree Rajgor (M.D)
+91 9821706101

**ચંદ્રેશ પારેખની કલમે....**



**પોઝીટીવ થીંકીંગ કરીએ**

કક્કામાં આવતો એક વર્ણ અક્ષર 'વ' એ વ્યક્તિમાત્રના જીવનમાં સૌથી મહત્ત્વની અને પાયાની ભૂમિકા ભજવે છે. વિચાર, વાણી અને વર્તન આ ત્રણ 'વ' થી શરૂ થતા શબ્દો વ્યક્તિની અધોગતિ કે ઊર્ધ્વગતિનું કારણ છે. એમાંય વાણી અને વર્તનનો મૂળભૂત આધાર વિચાર પર છે. વ્યવહારિક કે આધ્યાત્મિક ક્ષેત્રેમાં વિચારો જ વ્યક્તિને મહાન બનાવે છે.

કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ માટે સવળો વિચાર એ સુખ, આનંદનું કારણ બને છે. જ્યારે અવળો વિચાર કલેશ, ઝઘડા, કે દુઃખનું કારણ બને છે.

અધૂરો પાણીનો ગ્લાસ લઈ જઈ સોક્રેટિસને કોઈકે પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો કે ગ્લાસ અડધો ભરેલો છે. આ જ સવળો વિચાર કહેવાય પણ તેઓ એમ કહે કે, અડધો ખાલી છે તો તે અવળો વિચાર.

કોઈએ તુકારામને શેરડીનો આખો ભારો ભેટ આપ્યો. તુકારામે તે બાળકોને વહેંચી દીધો અને એક સાંઠો પોતાની પત્નીને આપ્યો આ જોઈ તેમના પત્ની તેમનાં પર ખૂબ ગુસ્સે થયા અને આ સાંઠો લઈ તુકારામના માથામાં માર્યો. સાંઠાના બે ટુકડા થઈ ગયા. તરત જ બીજો સાંઠો ઉપાડી તુકારામે કહ્યું, મને ખબર જ હતી કે તમ એકલી શેરડી ન જ ખાવ. તેથી તો આ શેરડીના બે ટુકડા કરી એક ટુકડો તમે મને આપ્યો ખરેખર હવે આપણે વહેંચીને ખાઈ લઈએ. આ જ સવળો વિચાર. આવા જ સવળા વિચારની આપણા જીવનમાં ડગલે ને પગલે તાતી જરૂરિયાત છે.

''ભગવાન અને ભગવાનના મોટા સત્પુરુષની સાથે જેણે હેત અને આત્મબુદ્ધિ કરી હોય એમને પોતાનું જીવન માન્યું હોય તેને ક્યારેય એમના વિષે અવળો વિચાર જ ન આવે. ગમે તેવા વચનના ભીડામાં લે કે કસોટી કરે તોપણ હંમેશાં સવળું જ વિચારે.

વસતડીના ગોપાળજીભાઈ એટલે આત્મબુદ્ધિનું સાક્ષાત સ્વરૂપ. મૂળી મંદિરનું બાંધકામ ચાલે. મંદિરમાં પૈસાની તાતી જરૂરિયાત હતી. બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કર્યો મંદિર માટે પૈસા ક્યાંથી મેળવવા ? ત્યાં યાદ આવી ગયા ગોપાળજીભાઈ. કાંઈ જ વિચાર કર્યા વિના ચિઠ્ઠી લખી નાંખીને ઊંટ લઈને ભગુજીને રવાના કરી દીધા. ચિઠ્ઠી ગોપાળજીભાઈના હાથમાં આવતા એમના અંતરમાં આનંદનો પાર રહ્યો નહીં. ગોપાળજીભાઈએ વિચાર્યું, સ્વામીને હજારો ભક્તો છે. તેમાંથી મને જ ખાસ પસંદ કર્યો. કેટલી મારા પર અનહદ કૃપા ! સ્વામીને વિષે દિવ્યભાવના વિચારે અને કૃપાના સવળા વિચારે ગોપાળજીભાઈને આનંદિત કરી દીધા જ્યારે આ જ ચિઠ્ઠી વાંચીને અવળા વિચારે ગોપાળજીભાઈના પિતાશ્રીને દુઃખી કરી દીધા.

સમઢિયાળાના વીરા શેલડીયા, બધાએ અવળું ભરાવવા માંડ્યું કે સ્વામિનારાયણ બે ચાર કાઠિયાણી બાઈઓને લઈ ભાગી ગયા છે. જો કોઈ ઢીલા પોચા હોય તો તરત જ અવળા વિચારે ચડી જાય પરંતુ હંમેશાં મહારાજને વિષે અને સત્પુરુષને વિષે દિવ્યભાવની દુનિયામાં રાચતા વીરા શેલડીયા તરત જ જવાબ આપે છે કે, શું કહ્યું ? બેચાર જ ! જુઓ સાંભળી લો. સ્વામિનારાયણ સર્વાવતારી ભગવાન છે. પૂર્વે શ્રીકૃષ્ણના અવતારને સોળ હજાર એકસો આઠ રાણીઓ હતી. તોય તે ભગવાન કહેવાયા. તો મારા સ્વામિનારાયણ ભગવાન તો સર્વોપરી ભગવાન છે. તમે કહો છે તે સાચું તો નથી જ પરંતુ કદાચ હોય, તોપણ મને તો સંકલ્પ ઊઠવાનો જ નથી. કારણ કે, ભગવાનને ભગવાન જાણ્યા પછી તેને વિષે મનુષ્યભાવ પરઠે તેના જેવો મૂરખ બીજો કોણ હોઈ શકે ?

આ વીરા શેલડીયા એક વખત કુટુંબ કબીલા સાથે ગઢપુર ગયા. પાછળ વિરોધીઓએ ભેગા થઈ મકાન બાળી નાંખ્યું. વીરા ભગત પાછા આવ્યા અને વિરોધીઓએ ચડાવવા માંડ્યા, અલ્યા વીરા ! તારા સ્વામિનારાયણ ભગવાન છે તો તારી આટલીય રક્ષા ના કરી તું તો સમૈયો કરવા ગયો હતો ત્યારે તો તારી રક્ષા કરવી જોઈએ ને ! તોડી નાંખ કંઠી આવા તે ભગવાન હોતા હશે ! પરંતુ જેના રોમેરોમમાં મહાત્મ્ય ભર્યું હતું તેને અવળો વિચાર આવવાનો પ્રશ્ન જ નહોતો.

તેથી તેમણે તરત જ કહી દીધું, મારા ઇષ્ટદેવ મારું ભૂંડું કરે જ નહીં. આ તો સંતોએ વર્તમાન ધરાવી મારાં પાપ બાળી દીધાં. પણ મારા ઘરનાં પાપ બાકી હતાં તે હવે ઘર બળ્યું એટલે બળી ગયાં. મારે તો સારું જ થયું હવે નવા ઘર કરાવીશું. મહારાજ અને સંતોને બોલાવીશું સમૈયો સમઢીયાળામાં જ કરીશું. જે નિરંતર સવળા વિચારોમાં જ રમણ કરતા હોય તેને ગમે તેવા ઢીલા વેણ, સંગ કે પરિસ્થિતિમાં પણ અવળો વિચારનો ઉદ્‌ભવે જ નહીં.

અમદાવાદના દામોદરભાઈને સંતો વગર વાંકે વઢી નાંખે ઉતારી પાડે છતાંય ક્યારેય એમને કોઈ જ અવળા સંકલ્પ થાય નહીં. તેઓ દિવ્યભાવથી બધી વાતને સવળી જ લીધા કરે.

એક વખત શ્રીજીમહારાજે કહ્યું, અલ્યા દામોદર, આ સંતો વગર વાંકે વઢે છે તે તને ખોટું નથી લાગતું ? દામોદરભાઈ કહે, દયાળુ ! સંતો વગર વાંકે વઢે જ નહીં. જીવ તો અનંત જન્મથી ગુનેગાર જ છે. અને સંતો તો અંતર્યામી છે. મારો આ જન્મનો વાંક નહિ હોય તો ગયા જન્મનો કોઈ વાંક હશે. માટે જ તે જોઈ વિચારીને વઢતા હશે. હવે આમને કેવી રીતે અવળું પડે ? ન જ પડે. કારણ જેને રોમેરોમમાં શ્રીજીમહારાજ અને મોટાપુરુષ વિષે અથવા ભગવાનના ભક્તને વિષે દિવ્યભાવ છે. આમ, તમને સત્સંગીમાત્રના દોષ નજરમાં આવતા જ નથી.

સમયે સવળા વિચારને ગ્રહણ ન કરી શક્યા હોય એને એનું પરિણામ એ આવ્યું કે, તે સત્સંગમાંથી પડી ગયા. જેમ કે, અલૈયાખાચર ને આંબાશેઠ.

આ બધા દૃષ્ટાંતોને જોતાં આપણે પણ આપણા જીવનમાં દૃઢ સંકલ્પ કરીએ નક્કી કરીએ કે હંમેશાં અવળા વિચારોનો ત્યાગ કરી સવળા વિચારોને જ ગ્રહણ કરીશું. પૂ.સ્વામીશ્રીએ પણ હરિને ગમે એવા થવું જ છે પુસ્તિકામાં પોઝિટિવ થિન્કિંગના ફાયદા વર્ણવતા કહ્યું છે,

દેહાભિમાનનું પોષણ અટકશે.

અભાવ અવગુણરૂપી મહાભયંકર પાપથી બચાશે.

સમય બગડતો અટકશે.

ઉદ્વેગ રહિત સુખ અને શાંતિભર્યું વાતાવરણ સર્જાશે.

પરસ્પર આત્મીયતા જળવાશે.

આપણે સૌ પોઝિટિવ વિચારસરણીને અપનાવી વાણી અને વર્તનને ઉજ્જ્વળ બનાવીએ. સવળા વિચાર કરીશું તો સવળા થઈશું ને અવળા વિચારે અવળા થઈશું. તેથી કહ્યું છે ને,

જેવા વિચારો તમે કરવાના;
એવા જરૂર તો તમે થવાના....

# ઘાટકોપરના માર્ગો પર ઠાઠમાઠથી નીકળી કાંતિભાઈ મહેતાની સ્મશાન યાત્રા

બ્રિટિશરોની જેમ ઠાઠમાઠથી રહેલા કાંતિભાઈ મહેતાની સ્મશાનયાત્રા જાણે કોઈ વરઘોડો હોય તેમ ઘાટકોપરના સિક્સ્ટી ફીટ વિસ્તારમાં રહેતા હિતેન મહેતાએ તેમના પિતાની ઈચ્છા પૂરી કરવા બ્રિટિશરોને શોભે એ રીતે સ્મશાનયાત્રા કાઢીને તેમના આત્માને ખરેખર તૃપ્ત કર્યો.



મરનાર વ્યક્તિની આખરી ઈચ્છા પૂરી કરો તો તેના જીવને ખરેખરા અર્થમાં શાંતિ મળે એવું હંમેશાં બોલાતું હોય છે. કોઈ પણ ઘરમાં મૃત્યુ થાય ત્યારે એ વ્યક્તિને યાદ કરીને સગા-સ્વજનોમાં રોકકળ કે માતમ છવાયેલો રહે છે, પણ જે ઘરમાં મૃત્યુ થયું હોય અને તેના ઘરના તમામ સભ્યો રંગબેરંગી કપડાં કે સૂટબૂટમાં હોય કે પછી બેન્ડવાજાં વાગતાં હોય એવું તમે ભાગ્યે જ જોયું હશે. ઘાટકોપરના સિક્સ્ટી ફીટ વિસ્તારમાં આવેલા કૈલાસ ધારા બિલ્ડિંગમાં આવો જ માહોલ હતો. ઇથિયોપિયામાં જન્મેલા અને ૧૯૭૪થી પોતાના બે ભાઈઓ તથા બે બહેન સાથે ઘાટકોપરમાં સ્થાયી થયેલા કાંતિભાઈ કેશવલાલ મહેતા શુક્રવારે ૮૫ વર્ષની ઉંમરે ટૂંકી માંદગી બાદ અરિહંતશરણ પામ્યા હતા. શુક્રવારે અંતિમ શ્વાસ લીધા બાદ તેમની અંતિમયાત્રા બે દિવસ બાદ એટલે કે રવિવારે સવારે નીકળી હતી. મોટા ભાગના સ્વજનો ઘાટકોપરમાં રહેતા હોવા છતાં બે દિવસ અંતિમયાત્રા મોડી કાઢવાનું કારણ એક જ હતું, કાંતિભાઈએ તેમના દીકરા હિતેનને કહ્યું હતું કે મારા મૃત્યુ પાછળ માતમ નહીં હોવો જોઈએ. દરેક લોકોના ચહેરા રડમસ નહીં, પણ ખુશ હોવા જોઈએ. મારા મૃત્યુ પાછળ મહોત્સવ મનાવજો. કાંતિભાઈએ ઘણાં વર્ષ સુધી ઇથિયોપિયામાં નોકરી કર્યા બાદ સ્વબળે પોતાનો ઇમ્પોર્ટ-એક્સપોર્ટનો બિઝનેસ વિકસાવ્યો હતો.

૧૯૭૪માં તેઓ ઘાટકોપરમાં પરિવાર સાથે સ્થાયી થયા હતા અને ધીરે-ધીરે તેમનાં ભાઈ-બહેનોને પણ તેઓ ઘાટકોપરમાં સ્થાયી થવામાં મદદરૂપ બન્યા હતા. ઇથિયોપિયામાં રહ્યા હોવાને કારણે તેઓ હંમેશાં બ્રિટિશરોની માફક રહ્યા હતા. એ માટે જ તેમની અંતિમયાત્રા બ્રિટિશરની માફક કાઢવામાં આવી હતી.

કાંતિભાઈના દીકરા હિતેનભાઈએ કહ્યું હતું કે 'પપ્પાનું અવસાન શુક્રવારે થયું હતું. ત્યારે તેમની ઇચ્છા પ્રમાણે તેમને વિદાય આપવાની હતી એટલે તેમના પાર્થિવ દેહને અમે ભાયખલામાં જોન પિન્ટોના મોર્ગમાં રાખ્યો હતો. તેમને વાજતેગાજતે વિદાય આપવાની હતી અને અમારી પાસે એક જ દિવસ હતો. ધર્મે અમે જૈન છીએ, પણ પણ પપ્પાની રહેણીકરણી મુજબ તેમના મૃત્યુ બાદ અમારે તેમને બ્રિટિશરોની જેમ વિદાય આપવાની હતી. કોઈ બ્રિટિશરનું મૃત્યુ થાય ત્યારે જે સોફ્ટ વેસ્ટર્ન મ્યુઝિક હોય એ અમે રાખ્યું હતું. સ્મશાનયાત્રામાં આવેલાં સગાંવહાલાં અને મિત્રો તમામ માટે અમે ગૌતમ પ્રસાદની વ્યવસ્થા કરી હતી. પિતાની વિદાય વસમી હતી, પણ તેમના આત્માને શાંતિ પહોંચે એવું કામ અમારે કરવાનું હતું.' કાંતિભાઈની અંતિમયાત્રા રવિવારે સવારે ૧૧.૩૦ વાગ્યે હળવા પાશ્ચાત્ય સંગીત સાથે નીકળી હતી અને અંદાજે સવા કલાકે સ્મશાનભૂમિ પહોંચી હતી. છેલ્લાં ૧૭ વર્ષથી મહેતા પરિવાર સાથે ગાઢ ઘરોબો ધરાવતા હોવાથી કાંતિભાઈની રહેણીકરણીથી પૂરેપૂરી રીતે વાકેફ પારિવારિક સભ્ય રામ નથવાણીએ સ્મશાનયાત્રા મેનેજ કરી હતી.

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક
022-40229684
/vognewslive
www.vognewslive.com

**જાહેરખબરના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

**-: ઓફિસ :-**

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
**voiceofghatkopar@gmail.com**

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– સંચાલક

## મનોરંજન

**Jalsa Event**
Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**
જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (278) 485

## ધંધાદારી

**ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોવેવ**
દરેક પ્રકારના વોશીંગ મશીન, રેફ્રીજરેટર, માઈક્રોવેવ ઓવન, રીપેરીંગ માટે. **સચીન શાહ** (બિડડા) **- 9869126381, 9320982123.** વિઝિટીંગ ચાર્જ-૨૦૦/- (282)486

For Society / Company Accounts, Income Tax Return Filing, TDS Returns, GST Returns. Vinod Joshi : **98205 93177.** (233)483

**Teerth World**
Start your business digital journey by making own website at 7000. **9820476007. teerthworld.com**(267)484

**Join Business to Business Group**
Business Opportunity Leads and Deals Learn Earn and Return. **Call - 98197 25307.**(261)484

**ફોટોગ્રાફી**
સગાઈ, પ્રી-વેડીંગ, મહેંદી રસમ, લગ્નોત્સવ, સંગીતસંધ્યા, મેટરનીટી શૂટ, શ્રીમંત, જન્મદિવસ, ધાર્મિક-પ્રસંગે બેસ્ટ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી. **ધવલ શાહ- 76665 57222, 97735 86864.** (254)483

Personal, Business, Accounting, Income Tax, GST, Financial Planing. **92228 44843.** (258)487

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪

## ધંધાદારી

GST & ACCOUNTING
જીએસટી રીટર્ન ફાઈલીંગ ૫૦૦/-, ઉદ્યોગ આધાર, પાસપોર્ટ ૫૦૦/-, જીએસટી રજીસ્ટ્રેશન@૧૦૦૦/-. સંપર્ક : **9029710899** (228)479

**મોરયા વોટર સપ્લાયર્સ**
વિવિધ કંપનીઓની પાણીની બોટલ ઉપલબ્ધ, **અક્ષય શિંગાડીયા - 7738243194, અશોક આરેકર - 7039214214.** B(jj)

## મહિલા માટે

**૫૦૦ ઘેર કરાવો**
કલર્સ, આયર્નીંગ, હેરસ્ટાઈલ, મેકઅપ, હેરસ્પા, હેરકલર, વેક્સ, ફેશીયલ, બ્લીચ, મહેંદી. કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

**Monika Beauty Care**
**Home Service Available**
Facial - 300, Bleach - 60, Eyebrow-50, Manicure-300, Pedicure-300, Head Massage-300, Hair Spa-700, Hair Cut-400, Hari Colour-1000, Hair Straightening-800, Wax-600, Mehndi (Traditional) -1000.
**Call - 96198 44745**

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (284)486

## રીઅલ એસ્ટેટ

**A Bombay Realtors**
Available Office Nariman Point to Andheri, Ghatkopar Area 500 to 50,000 Sq.ft. **Cont.: Santosh Bhoite - 98206 10810.** (265) 485

## રીઅલ એસ્ટેટ

**જયેશ કાંતિલાલ મહેતા**
એસ્ટેટ એજન્ટ, સેલ્સ, પરચેસ, લીડ. **જયેશભાઈ - 022-21024389, 98701 30730.** Email - jayeshmehta8686@gmail.com (323)491

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**Tilak Nagar**
1-2-3 BHK Available on Rent. **Call : Panditpotra Kumar : 98203 45511, 99203 45511.** (298)487

**Nikhil Consultancy**
For Sale - Purchase - Rental of Flat & Shop in Ghatkopar. **Contact:9820367536, 77384 29491.** (243) 485

**વિદ્યાવિહાર(વેસ્ટ)**
નીલકંઠ બિજનેઝ પાર્કમાં ઓફિસ ભાડેથી આપવાની છે. **Yogesh Shah - 9820023817.** (281)485

**ઘાટકોપર-તિલકનગર**
નાના મોટા ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન/ બંગલો ભાડેથી / વેચાણથી, લેવા/ આપવા. **મુકેશભાઈ : 98202 61711.** (270)484

**ઘાટકોપર(વે)માં દુકાન ભાડેથી**
એમ.જી.રોડ પર અત્યંત મોકાની દુકાન મોબાઈલ, લેડીઝવેર, ચીલ્ડ્રન્સ વેર, ઈમિટેશન અને અન્ય દરેક ધંધાને લાયક ખુબ મોકાની દુકાન ભાડે આપવાની છે. **98698 16367, 81690 53198.** (B)473

## રીઅલ એસ્ટેટ

**કૌશલ કાંતિલાલ મહેતા**
ઘાટકોપર(ઈસ્ટ) પંતનગર- 3+1 રેડી પઝેશન નવા બંધાતા. **Mob.: 2501 0589, 93238 71933.** (322)491

**શ્રી હરી પ્રોપર્ટીઝ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં ફ્લેટ ઓફિસ દુકાન, ગોડાઉન લેવા-વેચવા ભાડેથી. **હેમંતભાઈ ઠક્કર (ભચાઉવાળા) : 98214 63077, 97684 71831.** (344)492

## શૈક્ષણિક

**Master Phonics - Teacher Training**
Phonics Teacher Training Certificate Course. Intensive Training with lot of practice. Phonics teacher's training also lets you run your own classes for children. **Call:9833874424, 7304195472.** (427)509

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ચૌવિહાર વ્યવસ્થા સાથે ટુર**
એર ટિકીટ સાથે / સીવાય સંપૂર્ણ ભારતમાં આયોજન. **સંપર્કઃ ગુરૂકૃપા : 95942 86900.** (268)483

## રીઅલ એસ્ટેટ

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (270) 484

**Office - Shops**
1/2/3 BHK Flats Rent / Sale / Purchase Ghatkopar East - West. **Call : Bipin Katira - 98213 83343, 98192 40602.** (314)492

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર**
ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ફક્ત જૈન મેનું ટુર**
શીખરજી – લેહ – કાશ્મીર – હીમાચલ – નૈનિતાલ – સીક્કીમ – કેરાલા – કુર્ગ – સાઉથ – ગુરૂકૃપા. **Contact : 93244 08369.** (268)483

**વોઈસ ઓફ ઘાટકોપર**
**ફોન : 40229684**
**9022279684**

**વોઈસ ઓફ ઘાટકોપર**
**ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)**
**સ્પેશિયલ ઓફર**

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667
*શરતો લાગુ +5% GST Applicable

# આસો માસના શુભ મુર્હૂતો

**સંવત ૨૦૭૫, આશ્વિન માસનાં ચોપડા-પૂજન અને લક્ષ્મીપૂજનનાં મુહૂર્તો (સમય મુંબઈ સ્ટા. ટા.માં)**

### પુષ્ય નક્ષત્રમાં ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત

**પુષ્ય નક્ષત્ર પ્રારંભ : આશ્વિન વદ-૭, સોમવાર, તા. ૨૧-૧૦-૨૦૧૯ ક. ૧૭-૩૧ થી સમાપ્ત : આશ્વિન વદ- ૯, મંગળવાર, તા. ૨૨-૧૦-૨૦૧૯, સાંજે ક. ૧૬-૩૮**

**પુષ્ય નક્ષત્ર મુહૂર્ત : તા. ૨૧મી, સોમવારના સાંજે ક. ૧૭-૩૧થી**

● સાંજે ક. ૧૭-૩૧ થી ક. ૧૮-૧૧ (અમૃત) ● સાંજે ક. ૧૮-૧૧ થી ક. ૧૯-૪૪ (ચલ) ● રાત્રે ક. ૨૨-૫૦ થી ક..૨૪-૨૩ (લાભ)

**પુષ્ય નક્ષત્ર મુહૂર્ત :તા. ૨૨મી, મંગળવારના સૂર્યોદયથી સાંજે ક. ૧૬-૩૮ સુધી**

● સવારે ક. ૦૯-૨૯ થી ક. ૧૦-૫૬ (ચલ) ● સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૩ (લાભ)

● બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૫૦ (અમૃત) ● બપોરે ક. ૧૩-૧૬ થી સાંજે ક. ૧૬-૩૮ (શુભ)

**અન્ય શુભ મુહૂર્ત દિવસોઃ ઓક્ટો.ની તા. ૯, ૧૪, ૧૫**

### વાક્બારશ (વાઘ બારસ), ધનતેરસ

### લક્ષ્મીપૂજન (મહાલક્ષ્મીપૂજન) માટે ચોપડા લાવવા

**આશ્વિન વદ- ૧૨ઃ શુક્રવાર, તા. ૨૫-૧૦-૨૦૧૯**

ગૌવત્સ દ્વાદશી, ગુરુદ્વાદશી, યમદીપ દાન, ધન્વંતરી જયંતી, પ્રદોષ,ગૌ પૂજન, સારસ્વત, વિદ્વાનો, પંડિતો, કવિઓ, સાહિત્યકારો, કલાકારો, સંગીતશાસ્ત્રીઓના બહુમાનનો આજ રોજનો મહિમા છે. પ્રદોષકાળ વ્યાપીની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધનવંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર - લક્ષ્મીયંત્ર, રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે.

**મુહૂર્ત સમય આ પ્રમાણે છે :** ● સવારે ક. ૦૬-૩૭ થી ક. ૦૮-૦૩ (ચલ) ● સવારે ક. ૦૮-૦૩ થી ક. ૦૯-૩૦ (લાભ) ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (અમૃત) ● બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૯ (શુભ) ● સાંજે ક. ૧૬-૪૨થી ક. ૧૮-૦૮ (ચલ) ● રાત્રે ક. ૨૧-૧૫થી ક. ૨૨-૫૦ (લાભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૨થી ક. ૨૫-૫૬ (તા.૨૬)(શુભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૭-૩૦ (તા.૨૬) (અમૃત)● મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૦ થી ક. ૨૯-૦૩ (તા. ૨૬) (ચલ)

**(નોંધ : તા.૨૧, ૨૨મી પુષ્ય નક્ષત્ર ને પ્રાધાન્ય આપેલ છે. આથી શુભાશુભ દિનશુદ્ધિનો ઉલ્લેખ દર્શાવ્યો નથી.)**

### ધનતેરસ પર્વના સ્થિર લગ્નો

● સવારે ક. ૦૮-૨૦ થી ક. ૧૦-૩૪ (વૃશ્ચિક) ● બપોરે ક. ૧૪-૩૦ થી ક. ૧૬-૦૭ (કુંભ) ● રાત્રે ક. ૧૯-૨૫ થી ક. ૨૧-૨૪ (વૃષભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૪ થી ક. ૨૮-૦૨ (તા. ૨૬) (સિંહ) ● પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૮) સમયે પવિત્ર ગોરજ સમયમાં

### કાળી ચૌદશ - (મહાકાલી-મહારાત્રિ)

**આશ્વિન વદ-૧૩, શનિવાર, ૨૬-૧૦-૨૦૧૯**

શિવરાત્રિ, ઉલ્કાદર્શન, ભદ્રા ક. ૧૫-૪૬થી ૨૬-૦૩, દીપદાન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, કાળી ચૌદશની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી. (શનિવારની મધ્યરાત્રિ પછી (તા. ૨૭મી) સિંહ સ્થિર લગ્ન ક. ૨૫-૪૬ થી ક. ૨૭-૫૪, અનુષ્ઠાન, પૂજન માટે શ્રેષ્ઠ. મહાકાલી માતાની પૂજા, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન, ચંદ્ર ઉદય ક. ૦૪-૨૯

## દિવાળી મહાપર્વ-૨૦૭૫

### શ્રી શારદા પૂજન (ચોપડા), (મહાસરસ્વતી) પૂજન

### આશ્વિન વદ-૧૪, રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૯

(ચિત્રા નક્ષત્ર મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬ સુધી (તા.૨૮) પછી સ્વાતિ) ચંદ્ર કન્યામાં સાંજે ક.૧૬.૩૧ સુધી, પછી તુલામાં) નરક ચતુર્દશી, ચંદ્રોદય ક. ૦૫.૩૦. દર્શ અમાસ, અભ્યંગ સ્નાન, લક્ષ્મી-કુબેર પૂજન, અન્વાધાન, કેદારગૌરી વ્રત (દક્ષિણ ભારત), મહાવીર નિર્વાણ દિન (જૈન). શહાદતે ઈમામ હસન (મુસ્લિમ), દીપોત્સવી પર્વ મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજા દ્વારા આવનારા વર્ષના વધામણાં લેવાનો પવિત્ર અવસર છે. માટે એપ્રિલથી માર્ચનું હિસાબી વર્ષ છતાંય કંપનીના, વ્યક્તિગત હિસાબના ચોપડા તથા ઉપયોગી વાંચનના પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટરનું પૂજન તથા સ્ટેશનરીનું પૂજન, ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં શાસ્ત્રોક્ત વિધિથી બ્રાહ્મણ દ્વારા અવશ્ય કરવું. પ્રદોષકાળ વ્યાપિની અમાસ હોવાથી મહાલક્ષ્મી, મહાકાલી, મહાસરસ્વતીની પૂજાનો મહિમા છે.

### ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છે

● સવારે ક. ૦૮-૦૪થી ક. ૦૯-૩૦ (ચલ) ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (લાભ) ● સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (અમૃત) ● બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૫ (શુભ) ● સાંજે ક. ૧૮-૦૭ થી ક. ૧૯-૪૧ (શુભ) ● રાત્રે ક. ૧૯-૪૧ થી ક. ૨૧-૧૫ (અમૃત) ● રાત્રે ક. ૨૧-૧૫થી રાત્રે ક. ૨૨-૪૮ (ચલ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૭-૩૦ તા. ૨૮મી (લાભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી ક.૩૦-૩૮તા.૨૮મી (શુભ) ● પ્રદોષકાળ સાંજે ક. ૧૮-૦૮ થી રાત્રે ક. ૧૯-૪૮ ● નિશિથકાળ મધ્યરાત્રે ક. ૨૩-૫૮ થી મધ્યરાત્રેક.૨૪-૪૮.

### દિવાળી પર્વના સ્થિર લગ્નો

● સવારે ક. ૦૮-૧૨ થી ક. ૧૦-૨૬ (વૃશ્ચિક) ● બપોરે ક. ૧૪-૨૨ થી સાંજે ક. ૧૫-૫૯ (કુંભ) ● રાત્રે ક. ૧૯-૧૭ થી ક. ૨૧-૧૭ (વૃષભ) ● મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૬ થી ક.૨૭-૫૪ (તા. ૨૮મી) (સિંહ) ● વૃષભ સ્થિર લગ્ન, સ્થિર કુંભ નવમાંશ રાત્રે ક. ૧૯-૨૯ થી ક. ૧૯-૪૨ ● વૃષભ સ્થિર લગ્ન વૃષભ સ્થિર નવમાંશ રાત્રે ક. ૨૦-૦૮થી ક. ૨૦-૨૧ ● વૃષભ સ્થિર લગ્ન સિંહ સ્થિર નવમાંશ ક. ૨૦-૪૮ થી ક. ૨૧-૦૨ ● સિંહ લગ્ન, વૃષભ સ્થિર નવમાંશ રવિવારની, મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૬ થી ક. ૨૬-૧૦. (તા. ૨૮મી) ● સિંહ લગ્ન, સિંહ સ્થિર નવમાંશ રવિવારની, મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૯ થી ક. ૨૬-૫૩. (તા. ૨૮મી)

## નૂતન વર્ષાભિનંદન :

### સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૯, બેસતું વર્ષ

**સંવત ૨૦૭૬, ''વિરોધકૃત' નામ સંવત્સર પ્રારંભ, મહાવીર જૈન સંવત્સર ૨૫૪૬ શરૂ, દિવાળી પડવો**

આશ્વિન વદ-૩૦, સોમવારના રોજ નવું વરસ પ્રારંભાય છે. સોમવતી અમાસ સવારે ક. ૦૯-૦૮ સુધી. પ્રતિપદાનો ક્ષય છે. ગોવર્ધનપૂજા, ગૌક્રીડા, અભ્યંગ સ્નાન,, અન્નકૂટ, બલિપ્રતિપદા, કાર્તિક શુક્લાદિ, ઇષ્ટિ. સ્વાતિ નક્ષત્ર મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૨ સુધી (તા. ૨૯), પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિમાં.

### મિતિ નાખવી - કાંટો બાંધવો - નવા વર્ષનો વેપાર પ્રારંભ કરવો

**મુહૂર્તઃ** ● સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (શુભ) ● બપોરે ક. ૧૩-૪૮થી ક. ૧૫-૧૪ (ચલ) ● બપોરે ક. ૧૫-૧૪ થી ક. ૧૬-૪૦ (લાભ) ● સાંજે ક. ૧૬-૪૦ થી ક. ૧૮-૦૬ (અમૃત)

### લાભ પાંચમ-જૈન જ્ઞાન પાંચમ

**કાર્તિક સુદ-૫, સંવત ૨૦૭૬, શુક્રવાર, તા. ૦૧-૧૧-૨૦૧૯**

સૌભાગ્ય પાંચમ. પાંડવ પાંચમ, પંજાબ, હરિયાણા દિન. કુલાચાર પ્રમાણે આજ રોજ પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે.

● સવારે ક. ૦૬-૩૯ થી ક. ૦૮-૦૫ (ચલ) ● સવારે ક. ૦૮-૦૫ થી ક. ૦૯-૩૧ (લાભ) ● સવારે ક. ૦૯-૩૧થી સવારે ક. ૧૦-૫૬ (અમૃત) ● બપોરે ક. ૧૨-૨૨ થી સાંજે ક. ૧૩-૪૭ (શુભ) ● સાંજે ક. ૧૬-૩૮થી સાંજે ક. ૧૮-૦૭ (ચલ)

# ઘાટકોપર જોલી જીમખાના દ્વારા ક્રિકેટની નવી સીઝનના આરંભે દશેરા ક્રિકેટ ટુર્નામેન્ટ



વર્ષોથી નિયત થયેલી પરંપરાને જાળવી રાખતા દશેરાના શુભ દિને ક્રિકેટના મેદાનની ટ્રસ્ટી પ્રવીણ પટેલ, સ્પોર્ટસ હો-કોઓડીનેટર પ્રશાંત કારિયા, કમિટી સભ્ય વીષ્ણુ તલેસરા તથા ક્રિકેટ ઈન્ચાર્જ - કમિટી સભ્ય નીશીથભાઈ ગોળવાલાના હસ્તે પૂજા વિધિ બાદ મંગળવાર તા. ૮-૧૦-૨૦૧૯ના મેમ્બર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતુ જેમાં ૧૨૮ સભ્યોની ૮ ટીમમાં વહેંચણી કર્યાબાદ ૮ ઓવરની નોકઆઉટ ટુર્નામેન્ટ રમવામાં આવેલ હતી.

ટુર્નામેન્ટની તમામ રસપ્રદ મેચો બાદ ફાઈનલ મેચમા ટુર્નામેન્ટમાં અંતમાં ઈનામ વિતરણ સમારોહમા ચેરમેન રજનીકાંત શાહ તથા મેનેજીંગ ટ્રસ્ટી મનોજભાઈ અજમેરા પાઠવેલ શુભ-સંદેશ સેક્રેટરી મહેશભાઈ બદાણી તથા ટ્રસ્ટી ટ્રેઝરર બળવંતભાઈ સંઘરાજકાએ તેમના સંબોધનમાં વાંચેલ હતા. તેમજ ક્રિકેટ ઈનચાર્જ નીથીથભાઈ ગોળવાલાએ જણાવ્યું કે તા.૧૨-૧૩ / ૧૯-૨૦ ઓક્ટોબર ૨૦૧૯ના ૬૮ સભ્યોનો ૪ ટીમમાં સમાવેશ કરતી ટી-૨૦ સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટ લીગ ધોરણે રમવામાં આવશે. અને તા. ૭ થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૯ દરમિયાન ઉપનગરની ૮ શાળાઓનો સમાવેશ કરતી ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટ રમાડવામાં આવશે.

# શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળામાં ઉજવાયેલ નવરાત્રી પર્વ



શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળામાં તા.૨૯-૦૯-૨૦૧૯ થી ૮-૧૦-૨૦૧૯ સુધી અંબેમાંના નવલા નોરતા નો પર્વ ધામધુમથી ઉજવવામાં આવ્યો. દિવ્ય સંસ્કૃતિનું જતન અને પ્રાચીન પરંપરાનું અનુસરણ એ હેતુથી વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ થાય તે બાબત શાળા સતત આયોજન કરતી હોય છે



તા.૭-૧૦-૨૦૧૯ના નોમના દિવસે રાસ-ગરબાનું તથા આરતી સજાવટની હરીફાઈ રાખવામાં આવી. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓએ સજાવેલી આરતી દ્વારા માતાજીની દિવ્ય આરતી ભક્તિભાવ પૂર્વક તાલ સાથે ઉતારી. ધોરણ ૧ થી ૧૦ના બધાજ વિદ્યાર્થીઓએ પરંપરાગત પહેરવેશ પહેરીને રાસગરબાની રમઝટ બોલાવી. નિર્ણાયક બહેનો દ્વારા સુંદર સુશોભિત આરતી પસંદ કરવામાં આવી તેમજ સુંદર પહેરવેશ તથા સુંદર રાસગરબા રમ્યા તેઓની પસંદગી કરવામાં આવી. માં અંબેમાંનો પ્રસાદ લઇ કાર્યક્રમની સમાપ્તી કરવામાં આવી.

# ઘાટકોપરનો જૈવિન નથવાણી વકતૃત્વ સ્પર્ધામાં વિજયી




જૈવિન વિપુલ નથવાણી જે કાયદાનો વિદ્યાર્થી અને ઘાટકોપરનો રહેવાસી છે. થાણે અને મુંબઈના વિદ્યાર્થીઓ માટે જી.જે અડવાની લૉ કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં ૪૦ સ્પર્ધકોમાંથી જૈવિનએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ. જેનો વિષય હતો 'ભારતની વધતી વસ્તી શક્તિ કે નબળાઈ' પર પ્રવચન આપ્યું હતું.

# બાપુની ૧૫૦મી જન્મજયંતિ : સત્ય હકિકતો પર એક નજર...

પૂ.ગાંધીજી વિશે ભૂતકાળમાં કેટલાક અજ્ઞાન જયચંદોએ ખોટા નિવેદનો કરી પૂ.બાપુની છબી બગડતા નિવેદનો કરી આવનારી પેઢીને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કર્યા છે. શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ઓ પર ગાંધીજી વિશે ગેરસમજ પેદા ન થાય, તેઓ દ્વિધામાં ન મૂકાય અને આમ છતાં પૂ.ગાંધીજીની ઈમેજ ખરાબ ન થાય તે માટે એક શિક્ષણ શાસ્ત્રી તરીકે સત્ય હકિકતો યુવા વર્ગ, વિદ્યાર્થીઓ અને લોકો સમક્ષ પજૂ કરવાનો મારો નમ્ર પ્રયાસ છે. આજે આપણે પૂ.બાપુની જન્મજયંતિ ઉજવી રહ્યા છીએ તે પ્રસંગે કેટલીક સત્ય હકિકતો પર પ્રકાશ ફેકવાની મને પ્રેરણા થઈ છે.

આજે વિશ્વકક્ષાએ ગાંધીજીની આત્મકથામાંથી કિંગ માર્ટિનલ્યુથર, ઓબામા, ક્લીન્ટન અને નેલશન મંડેલા જેવા મહાપુરૂષોને પ્રેરણા મળી છે. પરદેશોમાં પણ ગાંધીજીના નામના માર્ગો, સ્ટેચ્યુ જોવા મળશે. લંડનમાં ૯ ફુટ ઉંચી પૂજ્ય ગાંધીજીની મૂર્તિ - સ્ટેચ્યુ પાર્લામેન્ટ સ્કેવર પર ચર્ચિલની નજીક સ્થાપિત કરી પ્રતિમાનું અનાવરણ આપણા ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી જેટલજીના વરદહસ્તે થયું હતું. આપણા દેશ માટે ગૌરવની વાત છે. જ્યારે કોઈ પૂ.બાપુ માટે અણછાજતા વિધાનો કરે ત્યારે આપણી લાગણી દુ:ભાય એ સ્વાભાવિક છે. જો કે ઈતિહાસકારો દ્વારા, રાજસભા અને લોકસભાએ આવા વિધાનોની નિંદા કરી પ્રસ્તાવ પાસ કર્યો છે એટલે આપણે કોઈ ટીકા ટપ્પણ કરવાની જરૂર નથી.



માર્ટિનલ્યુથર કિંગ પૂ.ગાંધીજીની સત્યાગ્રહના અભ્યાસ પછી ૧૯૫૭માં ભારત પધાર્યા, પંડિત નહેરૂજીની મુલાકાત લીધી. સત્ય અને અહિંસાના શસ્ત્ર વડે ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરી સ્વતંત્રતા હાસલ કરી. માર્ટિનલ્યુથરે ગાંધીજીમાંથી પ્રેરણા લઈ ''સ્ટ્રાઈડ ટોવર્ડસ ફ્રીડમ' નામના પુસ્તકનું પ્રકાશન કર્યુ. આ પુસ્તકની અમેરિકાના લોકો પર ધારી અસર થઈ. પૂ.ગાંધીજીનો અસહકારની ચળવળનો પ્રયોગ સમગ્ર વિશ્વમાં અજોડ સાબિત થયો. માર્ટિનલ્યુથર કિંગ માનતા કે બાપુએ જીસસ ક્રાઈસ્ટ પછી ભારતની ગરીબ પ્રજાના ઉધ્ધાર માટે સત્ય, અહિંસા અને પ્રેમનું શસ્ત્ર આપ્યું સર્વ પ્રત્યે સમભાવનો મંત્ર આપ્યો.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ક્લીન્ટન જ્યારે ભારત પધાર્યા હતા ત્યારે આપણી પાર્લામેન્ટમાં પોતાના પ્રવચનમાં જણાવ્યું કે મહાન દેશના મહામાનવ પૂ.ગાંધીજી પાસે માર્ટિનલ્યુથરને પ્રેરણા ન મળી હોત તો અમેરિકામાં લોહિયાળ ક્રાંતિ સર્જાત, અમેરિકા આ માટે આ મહાન દેશના મહામાનવ મહાત્મા ગાંધીજીના અમે ઋણી છીએ.

વિશ્વના મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈનના શબ્દોમાં આવનારી પેઢી ભાગ્યેજ માનશે કે ''આવો હાડ, રક્ત અને માંસનો બનેલો માનવી આ ધરતી પર જન્મયો હશે'

પૂ.ગાંધીજીની મહાનતા જુઓ એમને આપેલા સર્વ ધર્મ સમભાવના મંત્ર મુજબ હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી તથા સર્વ ધર્મના લોકોને સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે સમાન હક્ક અને વાણી સ્વાતંત્ર્યના અધિકારો છે, કોમી એકતા માટે ગાંધીજી છેવટ સુધી લડતા રહ્યા, આમરણ ઉપવાસ પર ઉતરી ગયાના દાખલાઓ પણ મોજુ છે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ મહાત્મા ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી જેને દેશમાં સારી એવી સફળતા મળી.

ટૂંકમાં, વ્યક્તિગત મંતવ્યોને આઝાદીનો ઈતિહાસ માન્યતા આપતો નથી, કોણ શું બોલે છે એ મહત્વનું નથી, ઈતિહાસ જે કહે તે જ સત્ય સમજવું.

**- જ્યોતિન્દ્ર દેસાઈ (નિવૃત્ત નેશનલ એવોર્ડ વિજેતા પ્રિન્સીપાલ)**

# એનસીપીના સંજય પાટીલ શિવસેનામાં



ઈશાન મુંબઈના માજી સાંસ સંજય દિના પાટીલ શુક્રવાર, તા.૪ ઓક્ટોબરે માતોશ્રીમાં જઈને શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં શિવસેનામાં જોડાયા છે. બાજુમાં શ્રીમતી પલ્લવી પાટીલ અને આદિત્ય ઠાકરે જણાય છે. સંજય પાટીલ ૨૦૦૯માં ઈશાન મુંબઈમાંથી લોકસભામાં ચૂંટાયા હતા.

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા દિવાળી નિમિત્તે મિઠાઈ તથા ફરસાણનું રાહતના દરે વિતરણ કરવામાં આવશે, જેનું બુકિંગ તા.૧૨-૧૦-૧૯ થી ૨૨-૧૦-૧૯ દરમ્યાન (રવિવાર સિવાય) સમાજ ભવનમાં કરવામાં આવશે. મિઠાઈની ડિલીવરી સમાજ ભવનમાં જ તા.૨૩-૧૦-૧૯ થી ૨૫-૧૦-૧૯ના મળશે. સમય સવારના ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન રહેશે.

## સેવારામ ફાઉન્ડેશન દ્વારા રાસ-ગરબા ૨૦૧૯



ભરત અમેસર (ફાઉન્ડર, પ્રેસિડેન્ટ - સેવારામ ફાઉન્ડેશન) સેવારામ ફાઉન્ડેશન દ્વારા મંગળવાર તા.૧૫ ઓક્ટોબરના સાંજે ૫ વાગ્યાથી રાસ-ગરબા ૨૦૧૯નું આયોજન સારસ્વત વાડી, મુલુંડ ખાતે કરવામાં આવેલ છે.



# સાપ્તાહિક રાશી ભવિષ્ય

જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧ - Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ)** : સટ્ટાકીય કામકાજોમાં વધારો થયેલો હોય તો નફાનુકશાનીના લેખા જોખા કરી લેવા અને વધારે ખોટ ન જાય તે અંગેના ઊચીત પગલાં લઈ લેવા હિતકારક થાય. ઓછા નફે પણ વેપાર કરી નફો અને નાણાં ઘર ભેગા કરી લેવા હિતકારક પુરાવાર થાય. કિંમતી વસ્તુની ખરીદી થાય અને સર્વને ગમે ત્યા વખાણ પણ સાંભળવા મળી શકે છે. નાણાંકીય ધ્યાન રાખવું.

**વૃષભ (બ,વ,ઉ)** : પચનતંત્ર અને પેટની તકલીફો અંગે સાવચેતી તથા પુરતા ઈલાજો કરી લેવા હિતકર પુરાવાર થાય કામકાજોના ભારણ અને માનસીક મુંઝવણે અંગે સંભાળ લેવી હિતકર રહે. શસ્ત્રક્રીયા ટાળવા પુરતા ઈલાજો કરી લેવા હિતકર થાય. ઉઘરાણી અને આવક અન્યો દ્વારા ઉપયોગ થઈ શકે છે. તથા તેના દ્વારા નાણાંતંગી ઉદ્દભવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)** : આવક થાય પણ ખર્ચાઓ વધારે રહેતાં બચત અંગેની સ્થિતિ ન રહે. કિંમતી અને જરૂરીયાત અંગેની ખરીદી સારા પ્રમાણમાં કરવી પડે સુ:ખનો અનુભવ મળવો મુશ્કેલ રહેતો જોવાય. કામણ-કુટણ મંત્ર-તંત્ર વગેરેની તકલીફો ઉભી ન થાય તે અંગે સાવધાની વર્તવી અને ત્વરીત ઈલાજ અને ઉપચાર કરી હોવા હિતકર થાય.

**કર્ક (ડ,હ)** : જરૂરીયાત અને કિંમતી વસ્તુઓની ખરીદી થઈ શકે છે. અને અવારનવાર વાપરી શકવાનો આનંદ પણ લઈ શકાશે. આવકનો મોટો ભાગ જરૂરી વસ્તુઓ અને ઘરની જરૂરીયાતો પૂરી કરવામાં વપરાઈ જાય. ઘરમાં ઉત્સવની ખરીદી અને અન્ય કારણોસર આનંદનું વાતાવરણ રહેતું જોવાય. ઘરખર્ચના વધારાને પહોંચી વળવા નાણાંકીય આયોજન કરવા પડે.

**સિંહ (મ,ટ)** : આંખ અંગેના પ્રશ્ને વાહકાપથી દૂર રહેવું તત્કાલિક જરૂરી છે. અન્યથા આંખને નુકશાન થઈ શકે છે. કામકાજોમાં ચાલું અને પુરાં થયેલા કામોનું પૂરતું વળતર મળી રહે. સંદેશ વ્યવહાર અને મુસાફરીના આયોજન દ્વારા કામકાજો અને ઉઘરાણી મેળવી શકાય તેમ છે. આગળ કામકાજો અંગેની દોડાદોડીમાં વધારો થવો શક્ય છે. તૈયારી રાખવી જરૂરી છે.

**કન્યા (પ,ઠ,ણ)** : ચાલું અને કરેલા કામોનું પુરતું વળતર મળી રહે. રોકાયેલા નાણાંની છુટાથવાની શક્યતા ઉભી થતા માનસીક રાહત મળી રહેતી જોવાય. ઉત્સવ અંગેના ખર્ચાઓ કરવા જરૂરી થાય તથા વિદેશ સંબંધી તથા ઈમ્પોર્ટ-એક્સપોર્ટના નાણાં મળતાં મોટી રાહતનો અનુભવ થઈ શકે છે. પેટ અંગેની સમસ્યાનું નિવારણ કરવા પુરતા ઈલાજો કરવા જરૂરી છે.

**તુલા (ર,ત)** : ઉત્સવનો આનંદ માણવા આહાર-વિહાર પર પૂરતો સંયમ રાખવો જરૂરી છે. અન્યથા આનંદમાં સહભાગી થવું મુશ્કેલી ઉભી કરી શકે છે. ઉત્સવ અંગેની જરૂરીયાત અંગેના ખર્ચાઓ થાય અને ખરીદાનો આનંદ મેળવી શકાય તે છે. સ્થાવર અને કામકાજના સ્થળ અંગેની તતા પરીધાન અંગે ખરીદીનો ખર્ચ કરવો પડે. પ્રગતી અંગેનો અહેસાસ થવો શક્ય છે.

**વૃશ્ચિક (ન,ય)** : સ્વાસ્થ્યની સ્થિતિ સંતોષકારક રહેતી જોવાય. ઘરથી દૂર અથવા રહેઠાણથી દૂરના સ્થાને કામ મળવાની શક્યતાઓ જોવાય. કામકાજો અંગે વાહનની ખરીદી કરવી શક્ય થાય. કમીશન દલાલી અને અન્ય અંગેના કામો દ્વારા આવક વધવાના સંકેત મળી શકે છે. મિત્રો સહયોગીઓના સાથ સથવારે કામકાજોમાં વૃદ્ધી થવી શક્ય થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : માનસીક મુંઝવણ અને વિચારોનું પ્રમાણ વધારે રહેતા વિચારવાયું ન વધે તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. કિંમતી વસ્તુની ખરીદી કરલા શક્ય થાય. કામકાજ અંગે વાહનની ખરી કરવી શક્ય થાય. કમીશન દલીલી અને અન્ય અંગેના કામો દ્વારા આવક વધવાની સંકેત મળી શકે છે. મિત્રો સહયોગીઓના સાથ-સથવાર કામકાજોમા વૃદ્ધી થવી શક્ય થાય.

**મકર (ખ,જ)** : સ્વાસ્થ્ય અંગેની સાવચેતી લેવી જરૂરી થાય છે. સહયોગીઓ અને અન્યોના સથવારે સાહસ-સટ્ટા અંગેના કામકાજો પ્રત્યે વધારે આકર્ષણ રહેતું જોવાય. સ્થાવર અને કિંમતી વસ્તુ ખરીદી કરવો શક્ય થાય. વધેલા મોજશોખ સાથે ઘરેલું વાતાવરણ આનંદમય રહે. કામકાજો કરવામાં ઉત્સાહ મળી શકે છે. આગળ પણ કામકાજો વધતાં ઉત્સાહ જાળવી રાખવો જરૂરી થાય.

**કુંભ (ગ,સ,શ,ષ)** : કામકાજોમાં પ્રગતી મંદગતીની થતી જોવાય અને માનસીક રીતે પુરા કરવામાં ઉદ્વેગ રહેતો જોવાય. આવક સારી રહેતાં ખર્ચની ચિંતા ન જણાય ભાગીદાર-જીવનસાથીને પણ કામકાજોમાં સફળતા મળી રહેતી જોવાય. આવકનો મોટો ભાગ ઘરની જરૂરીયાતો પૂરી કરવામાં વાપરવો પડે. ખરીદી કરવામાં સારી વસ્તુ મેળવવાનો આનંદ મળે.

**મીન (દ,ચ,ઝ,થ)** : આરોગ્ય બાબતે આહાર વિહારમાં પરેજી પાની એલર્જી અને પેટની ગરબડ અંગે સાવચેતી વર્તવી અત્યંત જરૂરી થાય છે. કામકાજના વધારાને પહોંચી વળવા કૌટુંબીક સાથ સહકાર મળી રહેતો જોવાય છે. બરડ કિંમતી વસ્તુની તુટફૂટ અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. જાહેરજીવન અને જાહેર કાર્યો અંગે વધારે સમય ફાળવવો જરૂરી થાય.

## ધ ઈન્ડિયન બ્રેઈની બ્યુટી ૨૦૧૯માં મૂળ ઘાટકોપરની ખંજના કવન મોતા વિજયી



મૂળ ઘાટકોપરની જ્યોતિ કિર્તી સાવલાની સુપુત્રી અને મુલુંડ-કવન મોતાની પત્ની ખંજના તાજેતરમાં યોજાયેલ મીસીસ ધ ઈન્ડિયન બ્રેઈની બ્યુટી ૨૦૧૯ની વિજેતા જાહેર થઈ છે. ભારત સ્તરે યોજાયેલ આ સ્પર્ધામાં ૧૮-૫૮ વર્ષની મહિલાઓ સહભાગી થયેલ. સપ્ટેમ્બરમાં ઓડિશન બાદ ૨૫ સપ્ટે.નાં જેડ બોલ રૂમ વરલી ખાતે ફિનાલે યોજાયેલ. ખંજના ૭ વર્ષથી પરણિત છે અને તેને ૧ વર્ષીય પુત્ર છે. આ પ્રતિયોગીતામાં જાણીતા જજ જેઓ ફેશન ઈન્ડસ્ટ્રીમાં નામના ધરાવે છે તેઓએ આ સ્પર્ધાનું પરિણામ જાહેર કર્યું હતું.

## લીમાણી ભુવન નવરાત્ર મંડળ





ઘાટકોપર વેસ્ટ એલ.બી.એસ રોડ પર આવેલ લીમાણી ભુવન છેલ્લા ૫૭ વર્ષ થી નવરાત્રી નો ઉત્સવ ઉજવે છે. જેમાં વાજતે ગાજતે માતાજીનું આગમન, દસ દિવસ ગરબા-દાંડિયા તથા વિવિધ રમતો નું આયોજન, અષ્ટમીનું હવન, દશેરાની મહાઆરતી કરી માં અંબે નું વાજતે ગાજતે જુહુ ખાતે વિસર્જન કરે છે જેમાં ઘાટકોપર વેસ્ટ ના તમામ ઘરના ગરબા નું પણ વિસર્જન લીમાણી ભુવન નવરાત્ર મંડળ કરે છે.

નવરાત્રી ઉત્સવના આખા આયોજનમાં નલિન ભાઈ પંડ્યા, રવુ ભાઈ દરબાર, કીર્તિ મેહતા, અનિલ ભાઈ ખોના, યોગેશ વોરા, શાંતિ ભાઈ શાહ, હર્ષદ ભાઈ બારોટ, હરેશ દવે, અમિત શાહ, કિરણ શાહ, જયેશ સોની, જયેશ રીટા, ભરત દરબાર, બટુક શાહ, સુરેશ સત્રા તથા અન્ય કાર્યકર્તા અને બિલ્ડીંગ ના બધા રહેવાસી નો અમૂલ્ય સાથસહકાર હોય છે.

## કેવીકે સ્કુલમાં ઈ-લાયબ્રેરી અને ગુગલ ફ્યુચર કલાસરૂમ

**દિલાવર નાઈકવાડી દ્વારા**



કેવીકે ઘાટકોપર સા.સ્કુલ ઘાટકોપર(વે) ખાતે શુક્રવાર તા.૪ ઓક્ટો.ના મુંબઈના નોર્થના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર ડૉ.મુસ્તાક શેખ, સ્કુલના ચેરમેન નિલેશ ભનશાલી, પ્રિન્સિપાલ જગદીશ ઈન્દલકરની હાજરીમાં ઈ-લાયબ્રેરી તથા ગુગલ ફ્યુચર કલાસરૂમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



## સાદું જીવનને ઉચ્ચ વિચાર

**શબ્દોનું સ્પંદન**



**પ્રા. બિંદુ મહેતા**

૨જી ઓક્ટોબર પૂજ્ય બાપુની જન્મજયંતિને દિવસે બાપુને ગમતું સ્વચ્છતા અભિયાન મોદીજીએ શરૂ કર્યું હતું અને પુરા ભારતમાં લોકોએ સ્વચ્છતા અભિયાનને બહુ સારો પ્રતિસા આપ્યો. શાળા, કોલેજો, વિભિન્ન સંસ્થાઓ સાથે નાનાં નાનાં જૂથોએ પણ સારી કામગીરી બજાવી. આ વખતે પૂ.બાપુની ૧૫૦મી જન્મજયંતિ હતી ત્યારે સહુ 'સાદું જીવન ને ઉચ્ચ વિચાર'નું સૂત્ર અપનાવવું જોઈએ જેમાં સાદગી/કરકસર પર ભાર આપવો જોઈએ. તેઓ મોંઘવારીને નાથી નથી શકતા પણ સાદગી/કરકસરથી આવક જાવકમાં સમતુલા લાવી શકાય અને તેઓ ઉચ્ચવિચાર સાથે સાદગી અપનાવે તો તેમનું જ પ્રતિબિંબ બીજા નેતાઓ અને લોકોમાં જોવા મળશે. સાદગી કરકસકરનો સાદો અર્થ જરૂરિયાતની માત્રા સપ્રમાણ રહે, વસ્તુ વ્યાજબી ભાવે ખરીદવી, વસ્તુ કામ આપી શકે ત્યાં સુધી તેનો ઉપયોગ કરવો, વ્યય ન થાય તે જોવું, પૈસાનું મૂલ્ય સમજવું, પૈસો છે તો વાપરો તેમ નહિ પણ જરૂરિયાત છે તો વાપરો. પૈસા બચશે તો આડી અડચણે કામ આવશે અથવા તેનો સદ્દુપયોગ થાય આજના જમાનામાં સાદું જીવનને ઉચ્ચ વિચારનું સૂત્ર દરેકે અપનાવવા જેવું છે, તે જ ગાંધી જયંતિની સાચી ઉજવણી છે.

## મનોચિકિત્સક ડૉ.દિપ્તી શાહ(ગડા)નું ડિઝીટલ યુગમાં કિશોરોનો માનસિક ઉછેર પર માહિતીદાયક પરિસંવાદ





ઘાટકોપરના જાણીતા મનોચિકિત્સક ડૉ.દિપ્તી શાહ(ગડા)એ તાજેતરમાં ઘાટકોપરમાં ડિઝીટલ યુગમાં કિશોરોનો માનસિક ઉછેર પર રસપ્રદ માહિતીદાયક પ્રવચન આપ્યું હતું. ડૉ.દિપ્તીએ સ્લાઈડસ દ્વારા માહિતી આપતા જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દાયકામાં થયેલા સંશોધન પરથી જાણવા મળ્યું છે કે કિશોરોમાં મગજનો વિકાસ તથા વૃદ્ધિ પૂર્ણ થયેલ હોતી નથી. તેથી વર્તણૂકમાં પરિપક્વતા આવતી નથી તથા સમય વધારે લાગે છે.



ડૉ.દિપ્તીએ ભાર આપતા જણાવ્યું હતું કે માતાપિતા તથા વડિલોએ કિશોરને સમજવાની કોશિશ કરવી જોઈએ. કિશોર જોડેના સંવાદમાં યોગ્ય પ્રોત્સાહન, યોગ્ય પ્રશંસા, સ્વતંત્રતા (સ્વચ્છંદતા નહીં) તથા નેતૃત્વ લેવાની તાલીમ આપવી જોઈએ. જેથી આ કિશોર ભવિષ્યમાં એક જવાબદાર પરિપક્વ નાગરિક તરીકે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

માતાપિતા તથા કિશોર બંન્નેએ ગુસ્સાને (ક્રોધ)ને કાબૂમાં રાખતા શીખવું જોઈએ. કિશોરની ક્ષમતા પ્રમાણે અપેક્ષાઓ રાખવી જોઈએ જે કિશોર સ્ટ્રેસ વગર પરિપૂર્ણ કરી શકે. આજની આધુનિક ડિઝીટલ ટેક્નોલોજીનો સદ્દુપયોગ કરવો જોઈએ. ટેક્નોલોજી દુષણ ન બનવી જોઈએ.

છેલ્લે ડૉ.દિપ્તીએ માતાપિતા તથા શ્રોતાઓના પ્રશ્નોના સંતોષપૂર્વક ઉત્તરો આપ્યા હતા. માતાપિતાએ બહોળી સંખ્યામાં (૨૫૦થી પણ વધુ) આ ઉપયોગી પ્રવચનનો લાભ લીધો હતો.

આ કાર્યક્રમનું આયોજન એમ.ડી.ભાટીયા ઈંગ્લિશ હાઈસ્કૂલ તથા વાલી મંડળે સંયુક્ત રીતે કર્યું હતું.

EXPORT BENEFITS
• FRESH IEC
• IEC MODIFICATION
• EPCG REDEMPTION
• ADVANCE LICENCE REDEMPTION
• DRAWBACK REFUND
MEIS LICENCE
(APPLICATION PREPARATION + VERIFICATION)
9820936980

એડલ્ટ ડાયપર માટે
અંબિકા ટ્રેડીંગ કાં.
દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ
હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે
એડલ્ટ ડાયપર
(M/L/X/L)
હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
9323507848
9619907848

# ઘાટકોપર(ઈ)થી ભાજપાના ઉમેદવાર પરાગ શાહના મુખ્ય ચૂંટણી કાર્યાલયના શુભારંભ પ્રસંગે ખ્યાતનામ નેતાઓની હાજરી






વિધાનસભા ચૂંટણીમાં ઘાટકોપર (ઈસ્ટ) બેઠક પરથી પરાગ શાહને ઉમેદવારી જાહેર થયા બાદ હાલના વિધાનસભ્ય પ્રકાશ મહેતા વહેલાસર ચૂંટણી પ્રચારમાં જોડાય, મારા ગુરુ – પ્રકાશભાઈના માર્ગદર્શનમાં જ ચૂંટણીનો પ્રચાર તથા તમામ કામગીરી થાય તેવા મનોરથ સેવનાર પરાગભાઈ શાહને આખરે બુધવારના પ્રકાશભાઈએ સમય ફાળવી પ્રચાર રેલીમાં જોડાયા હતા.





ભાજપાના મહાયુતિના ઉમેદવાર પરાગ શાહના તિલક રોડ, ભાનુશાલી વાડી, ઘાટકોપર(ઈસ્ટ) ખાતે આવેલ મુખ્ય ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે બુધવાર તા.૯ ઓક્ટોબરના કેન્દ્રિય મંત્રી રામદાસ આઠવલે (આરપીઆઈ), સાંસદ સંજય રાઉત (શિવસેના) સહિત દિગ્ગજ નેતાઓ જેમાં મુંબઈના ભાજપાના અધ્યક્ષ મંગલ પ્રભાત લોઢા, પ્રતાપ આસર, સાંસદ મનોજ કોટક, વિદ્યમાન સાંસદ પ્રકાશ મહેતા, શ્રીનિવાસ ત્રિપાઠી વગેરે જોડાયા હતા અને કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે રામદાસ આઠવલેએ પોતાના ભાષણમાં પરાગ શાહના વખાણ કર્યા હતા. સંજય રાઉતે ભાજપાના શરૂઆતના સમયનો ઉલ્લેખ અને પ્રકાશભાઈ મહેતા, અશોક રાય જેવા અનેક લોકોએ કરેલી મહેનત બાદ વર્ષોની અથાગ મહેનતે કોઈપણ પાર્ટી આ સ્તરે પહોંચે છે જ્યાં વિરોધી પક્ષે કોને ઉમેદવારી આપી છે તે પણ લોકોને ખબર નથી જે લોકચાહનાની પરાકાષ્ઠા કહી શકાય એમ જણાવ્યું હતું.













Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**